ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર ડેપોથી અંબાજી રૂટ માટે આજે ખાસ બસો દોડાવાશે**









બાપા મોરિયા - શહેરમાં દસ દિવસીય ગણેશોત્સવના અંતિમ દિને ગણેશ વિસર્જનની વિધિ ભાવપૂર્વક યોજાઈ હતી... દર વર્ષ કરતાં આ વર્ષે ત્રણ ગણા સ્થાનો પર ગણેશજીના સ્થાપન કરાયા હતા... આજે ઠેર ઠેર ડીજેના તાલે નાચતા-કૂદતા ભાવિકોએ બાપાની મૂર્તિના વિસર્જનની વિધિ કરી હતી. સૌએ પ્રાર્થના કરી હતી કે, આવતા વર્ષે વહેલાસર પધારજો... અમને આનંદ આપશો....

# સેકટરોના આંતરિક માર્ગોનુ ધોવાણ અટકાવવા માટે લેવલીંગ કરાશે

## માર્ગોના નવિનીકરણ પુર્વે લેવલ યોગ્ય કરવા અભ્યાસ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૫

શહેરમાં માર્ગોના લેવલીંગના અભાવે રસ્તાઓના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે. સેકટરોના આંતરિક માર્ગો નિચાણમાં ધકેલાય જતા ચોમાસા દરમિયાન માર્ગો પર વરસાદી પાણી ફરી વળે છે. જયારે કોર્પોરેશન દ્વારા થતી પેવર બ્લોકની કામગીરી દરમિયાન પણ લેવલીંગનુ ધ્યાન ન રખાતા સેકટરોના આંતરિક માર્ગોની દશા બેઠી છે. ત્યારે સેકટરોમાં માર્ગ નવિનીકરણનુ કામ હાથ ધરતા પર્વે માર્ગોના લેવલીંગ માટે અભ્યાસ કરવામાં આવશે.

શહેરમાં સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. નિયત સમયના અંતે માર્ગોનુ પણ ધોવાણ થતા સેકટરામાં આંતરિક રસ્તાઓ મગરની પીઠ સમાન ભાસી રહયા છે. શહેરના નવા સેકટરોમાં રસ્તાઓની સુધારણાનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે.

ચોમાસાના લીધે શહેરમાં માર્ગોની સુધારણાનુ કામ છેલ્લા ત્રણ મહીનાથી બંધ છે. જયારે ચોમાસાના અંતે હવે તબક્કાવાર રસ્તાના કામો હાથ ધરવામાં આવશે. આવા સંજોગોમાં રસ્તાનુ કામ યોગ્ય રીતે થાય તે માટે તંત્ર દ્વારા માર્ગોની સુધારણા વેળાએ યોગ્ય લેવલીંગનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે. સેકટરોમાં આંતરિક રસ્તાઓની આસપાસ કોર્પોરેશન દ્વારા પેવર બ્લોકની કામગીરી કરવામાં આવી છે. જેના લીધે કેટલાક ઠેકાણે માર્ગો સદંતર નિચાણમાં ધકેલાઈ ગયા છે. જયારે સમયાંતરે હાથ ધરાતી માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન લેવલીંગનો ખ્યાલ રાખવામાં ન આવતો હોવાથી ચોમાસા દરમિયાન રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળે છે. જેના લીધે માર્ગોને નુકશાન થાય છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા યોગ્ય લેવલીંગના અંતે જ રસ્તાના રિસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે તેમ પણ સુત્રો દ્વારા જણાંવાયુ છે.

# જિલ્લામાં ૬૧ તલાટીઓની સામુહિક બદલી

## ૮ મદદનીશ ઈજનેર, અધિક મદદનીશ ઈજનેર પણ બદલાયા : તંત્રને પ્રજાભિમુખ અને વધુ સંવેદનશીલ બનાવવાની દિશામાં લેવાયેલુ પગલુ સૌની ચર્ચાનો મુદ્દો બન્યો : પદાધિકારીઓ પણ રજુઆત માટે પહોંચ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ગઈકાલે મોડી રાત્રે ૬૧ જેટલા તલાટીઓની સામુહિક બદલીના હુકમો જારી કરવામાં આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લામાં પહેલીવાર તલાટી કમ મંત્રી કેડરમાં આટલી મોટી બદલી કરવામાં આવી છે. અગાઉ ૪૦ જેટલી સંખ્યામાં બદલીઓ થઈ હતી. બદલીના આ સૌથી મોટા હુકમને પંચાયતોની આવી રહેલી ચૂંટણીઓ પહેલાંનો સૌથી મોટો ફેરફાર લેખવામાં આવી રહ્યો છે.

પંચાયતી વેરાઓની વસુલીમાં નબળી કામગીરી, અનિયમિતતાની ફરિયાદો તેમજ વહીવટીય સરળતાને ધ્યાને રાખી તંત્ર દ્વારા આ બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

પંચાયતમાં એક સાથે કરાયેલ આ સામુહિક બદલીને લઈ આજે પંચાયતમાં બદલીઓ સામે રજુઆત કરવા આવનારા પંચાયતી રાજ સંસ્થાના પદાધિકારીઓની સંખ્યા પણ મોટી જણાઈ હતી. જો કે હુકમની બધાને બજવણી થઈ ગઈ છે અને હુકમનો અમલ કરવામાં આવે તેવી સ્પષ્ટ વાત તંત્ર દ્વારા કરવામાં આવી છે.

તલાટીઓની સાથે સાથે ૮ જેટલા મદદનીશ અને અધિક મદદનીશ ઈજનેર સંવર્ગના કર્મચારીઓની બદલીના હુકમો પણ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સર્કલોની જાળવણી માટે જવાબદાર સંસ્થાઓને નોટીસ અપાશે

## જાળવણીના અભાવે સર્કલો આકર્ષણ વિહોણાં : વાઈબ્રન્ટ પુર્વે સર્કલોનુ બ્યુટીફિકેશન કરાશે

ગાંધીનગર તા ૧૫

શહેરમાં સર્કલોની જાળવણીનો મુદ્દો છેલ્લા કેટલાક સમયથી રામભરોસે છે. મુખ્ય રસ્તા પર સ્થિત સર્કલોની દરકાર ન લેવાતા મોટાભાગના સર્કલો આકર્ષણ વિહોણાં ભાસી રહયા છે. ત્યારે આગામી દિવસોમાં સર્કલોની જાળવણીના મામલે નિરસ સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવશે. હાલ સર્કલોમાં જાડી ઝાંખરા ઉગી નિકળ્યા છે. શહેરમાં અંદાજિત ૨૬ જેટલા સર્કલોનો વિકાસ કરી વિવિધ સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી છે.

શહેરમાં સર્કલોને સુશોભિત કરાયા બાદ નગરના મુખ્યમાર્ગોની આગવી ઓળખ ઉભી થઈ છે. સર્કલોને વિકસાવામાં આવ્યા બાદ નવા નામો પણ આપવામાં આવ્યા છે. શહેરના કેટલાક સર્કલોની જવાબદારી કોર્પોરેશનને સોંપવામાં આવી છે. જયારે આ પૈકી મોટાભાગના સર્કલો વિકસાવવા માટે વિવિધ સંસ્થાઓએ જવાબદારી સ્વીકારી છે. પરંતુ સમયાંતરે સર્કલોની જાળવણીના મામલે આ સંસ્થાઓ ઉણી ઉતરતી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા ટુંકમાં જ આ સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવશે. સર્કલોની દરકાર ન લેવાતા આકર્ષણ ગુમાવી રહયા છે. ઘ-૩ ,ઘ-૨ અને ચ-૨ ના સર્કલમાં વૃક્ષો તેમજ વિવિધ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. પરંતુ સમયાંતરે યોગ્ય ટ્રીમીંગ ન થતા રાહદારીઓ માટે પણ અડચણ ઉભી થઈ છે. સર્કલોની ફરતે વોલ પણ કેટલાક ઠેકાણે તુટેલી જોવા મળી રહી છે.આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ શહેરમાં રોડ નેટવર્કને ચકાચક બનાવાની કાર્યયોજના તૈયાર કરવામાં આવી રહી છે. ત્યારે રોડ ફર્નિચર તેમજ સર્કલોની જાળવણીના મામલે પણ તંત્ર દ્વારા ટુંકમાં જ જવાબદાર સંસ્થાઓને નોટીસ આપવામાં આવશે.

# ગરમીમાં વધારો : પારો ૩૬ ડિગ્રી

ગાંધીનગર, તા. ૧૫

ભર ભાદરવે શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. મહત્તમ તાપમાન આજે ૩૬ ડિ.સે. સુધી પહોંચી જતાં વસાહતીઓએ આજે ઉનાળા જેવી આકરી ગરમીનો અનુભવ કર્યો હતો.

ગુજરાત સહિત સમગ્ર પશ્ચિમ ભારતમાં પાછોતરો વરસાદ નહિવત છે. ક્યાંય વરસાદી વાદળો જોવા મળી રહ્યા નથી. વાદળો અને વરસાદની ગેરહાજરીમાં સૂર્યનારાયણ આકરા પાણીએ પહોંચ્યા છે. સવાર પડતાં જ તડકો એકદમ આકરો થવા લાગે છે.

આકરો તડકો અને ભેજનું વધુ પ્રમાણ સૌને પરસેવે રેબઝેબ બનાવી દે છે. પંખા વિના જરાય રહી શકાતુ નથી. આજે મહત્તમ તાપમાન ૩૬ ડિ.સે. પહોંચી જતાં જાણે ઉનાળો આવ્યો હોય તેવો અનુભવ થતો હતો. લઘુત્તમ તાપમાન પણ ૨૫.૫ ડિ.સે. જેટલુ નોંધાતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા.

# ભૂગર્ભ જળનો જળ સંચય કરી નર્મદાનું પાણી પીવાનો આગ્રહ રાખીએ : વાસ્મો

## નર્મદાનું પાણી પેયજળના તમામ ઘટક તત્વો સભર અને આરોગ્ય માટે પણ હિતાવહ

ગાંધીનગર, તા. ૧૫

નર્મદાનું પાણી પેયજળના તમામ ઘટક તત્વો સભર અને આરોગ્ય માટે પણ હિતાવહ હોવાનું આજે વાસ્મોના યુનિટ મેનેજર વી.કે. શાહે સરપંચ-તલાટીઓની ગાંધીનગર ખાતે યોજાયેલ બેઠકમાં જણાવ્યું હતું.

''નર્મદે સર્વદે'. સૂત્રની વિસ્તૃત છણાવટ કરતાં ભૂગર્ભ જળના જળસંચય પર આજે આ બેઠકમાં વિશેષ ભાર નાયબ જિલ્લા વિકાસ અધિકારી એમ.ડી. ચૌહાણે મુક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સંપૂર્ણ પાણીથી પાણીજન્ય રોગચાળા સામે રક્ષણ મેળવી શકાય છે. પાણીના ઘટક તત્વોની ઉણપ કે વધુ માત્રા આરોગ્યના પ્રશ્નો ઉભા કરી શકે છે. ત્યારે દરેક માટે આ અંગેની જાગૃતિ જરૂરી છે.

પાણી પુરવઠા બોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેર સોનલબહેને નર્મદાના પાણીનું મહત્વ તેમજ હેડ વર્કસમાં પાણી સુધ્ધિકરણ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. નર્મદાના પાણી પીવાથી થતા શારીરિક લાભ વિષે માહિતી આપી હતી. મીલીંગ લીંક તેમજ અન્ય મરામતના કામો માટેનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો હોવાના સંકેત પણ તેમણે આપ્યા હતા.

વાસ્મો, ગાંધીનગર કચેરીના વોટર ક્વોલીટી સુપરવાઈઝર વિજયસિંહ ઠાકોર દ્વારા પાણીના ઘટક તત્વો, પાણીજન્ય રોગો તેમજ તેના નિવારણ માટેના ઉપાયો માટેનું પ્રેજન્ટેશન રજુ કર્યુ હતુ. જેમાં પાણીમાં રહેલા ઘટક તત્વોની માત્રા વિશે માહિતી આપી હતી. પાણીમાં રહેલા ઘટક તત્વોના વધારે કે ઓછા પ્રમાણથી થતી શારીરિક તકલીફ વિશે સમજ આપી હતી. અંતમાં નર્મદાના પાણીના ઘટક તત્વો અને બોરના પાણીના ઘટક તત્વો વચ્ચેનો તફાવત તેના ફાયદા-ગેરફાયદા વિશે માહિતી આપી હતી.

ત્યારબાદ ડીસ્ટ્રીક કોઓર્ડીનેટર અપેક્ષાબેન પટેલ દ્વારા વિવિધ ગામોના તલાટીઓ અને સરપંચો સાથે તેમને ગ્રામ્યકક્ષાએ પાણી અંગેના પ્રશ્નોની ચર્ચા કરી હતી. સરપંચોના તમામ પ્રશ્નોના સંતોષકારક ઉત્તર વાસ્મોના અધિકારીઓ અને પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. અને જે કઈ તકલીફ હોય તેને સાથે મળી નિવારવા માટેના પગલાની ખાતરી આપી હતી.

અંતમાં વાસ્મો ગાંધીનગર કચેરીના આસી. કોઓર્ડીનેટર હિતેશભાઈ પ્રજાપતિ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી અને કાર્યક્રમા આવેલ તમામે સ્વરૂચિ ભોજન આરોગી કાર્યક્રમની પૂર્ણાહુતી કરી હતી.

# આજે પીડીપીયુનો પાંચમો દિક્ષાંત સમારોહ યોજાશે

## દેશના જાણીતા ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરની ઉપસ્થિત રહેશે





ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સ્થિત પંડીત દિનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટીનો પાંચમો દિક્ષાંત સમારંભ આવતીકાલે તા. ૧૬મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૫.૩૦ વાગે પીડીપીયુ કેમ્પસ, રાયસણ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. પીડીપીયુના પ્રેસીડન્ટ ડૉ. મુકેશ અંબાણી અને કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રી ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પદવી એનાયત કરશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપસ્થિત રહેશે. જ્યારે અતિથિવિશેષ પદે કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકર અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉપસ્થિત રહેશે, જ્યારે ખાસ મહેમાન પદે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હાજર રહેશે. પીડીપીયુના પ્રેસીડન્ટ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીના ડૉ. મુકેશ અંબાણી પદવી ગ્રહણ કરનાર વિદ્યાર્થીઓને ખાસ વકતવ્ય આપશે. ત્યારબાદ મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરવામાં આવશે.

# ગાંધીનગર ડેપોથી અંબાજી રૂટ માટે આજે ખાસ બસો દોડાવાશે

ગાંધીનગર તા ૧૫

ભાદરવી પુનમ નિમિત્તે આજે ગાંધીનગર ડેપા દ્વારા અંબાજી રૂટ માટે ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. દર પુનમે અંબાજી રૂટમાં બે બસ દોડાવવામાં આવે છે. જયારે આ વર્ષે પણ આ બસ ઉપરાંત ભાવિકોની સંખ્યાને ધ્યાને લઈ બસની વ્યવસ્થા ગોઠવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. અંબાજી રૂટ માટે ૪૦ મુસાફરોની સંખ્યા થાય એટલે નવી બસ મુકી દેવામાં આવશે.

ભાદરવી પુનમ નિમિત્તે મનમાં શ્રધ્ધાનુ ભાથુ બાંધી અંબાજી રૂટમાં પગપાળા જતા ભાવિકો માટે રૂટમાં અનેકવિધ સેવાકેન્દ્રો સહીત તમામ વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. માતાજીની દર્શન માટે વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટી પડે છે. ત્યારે અંબાજી રૂટમાં જતા ભાવિકો માટે એસ ટી નિગમ દ્વારા ખાસ બસવ્યવસ્થા પણ ગોઠવવામાં આવે છે. એસ ટી તંત્ર દ્વારા અમદાવાદથી આ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે જેના લીધે ગત તા ૧૨ સપ્ટેમ્બરથી રોજબરોજ ખાસ બસો દોડાવામાં આવી રહી છે. જયારે દર ભાદરવી પુનમના દિવસે ગાંધીનગર ડેપો દ્વારા અંબાજી જતા ભાવિકો માટે વધારાની બસો મુકવામાં આવે છે. જેને અનુલક્ષી તા ૧૬ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ડેપો દ્વારા અંબાજી જવા માટે ખાસ બે બસો દોડાવાશે આ ઉપરાંત મુસાફરોની સંખ્યાને ધ્યાને લઈ નવી બસો પણ મુકવામાં આવશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500® TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com